## જન્મદિને વધામણી



**દિલીપકુમાર જાની**
મો. ૯૪૨૮૮ ૦૩૦૨૯



**અંજનાબેન મહેશકુમાર રાવલ**
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



**અમિતભાઈ એ પટેલ**
મો. ૯૯૯૮૭ ૪૫૧૧૦



**હર્ષિલ હરેશ જોષી**
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



**હર્ષ પી શાહ**
મો. ૮૧૪૧૫ ૯૪૩૭૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### ‘બાળુડાના ગરબા-૨૦૧૬’ને મોટી સફળતા

# વિશિષ્ટ બાળકોને જીઈબી કૉલોનીએ ફૂલડે વધાવ્યા







ગ્રો ફાઉન્ડેશન, સાધના, જી ઈ ક્લબ અને સહયોગી સંસ્થાઓ દ્વારા આયોજિત માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા મહોત્સવ ‘બાળુડાના ગરબા’ને બીજા નોરતે મોટી સફળતા પ્રાપ્ત થઈ હતી. રિક્રીએશન ક્લબ, જીઍસઈસીઍલ (જીઈબી), ગાંધીનગરના યજમાન પદે આયોજિત આ ગરબા મહોત્સવ માટે પોતાના આંગણે પધારેલા બાળુડાઓને રિક્રીએશન ક્લબ અને જીઈબી કૉલોનીએ ફૂલડે વધાવ્યા હતા. વિશિષ્ટ વ્યક્તિઓ અને સામાન્ય વ્યક્તિઓ કોઈપણ જાતના ભેદભાવ વિના એક જ આંગણે ગરબે રમે અને એ દ્વારા સામાન્ય તથા વિશિષ્ટનો ભેદ ભૂંસાઈ જાય એવો કાર્યક્રમનો હેતુ આ વખતે સુપેરે પાર પડ્યો હતો. જીઈબી કૉલોનીના રહેવાસીઓ મોટી સંખ્યામાં બાળુડાઓની સાથે ગરબે રમવા માટે ઉતરી પડ્યા હતા અને એ કારણે આ ગરબા મહોત્સવ અવિસ્મરણીય બની ગયો હતો. એમાંય બાળુડાઓની સાથે ગરબે રમીને શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ અને જી ઈ ક્લબના યુવાનો તથા જીઈબીનાં નાગરિકોએ રંગ જમાવી દીધો હતો. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ઉપસ્થિત ત્રણ વિદેશી વિદ્યાર્થીઓએ ખાસ્સું આકર્ષણ જમાવ્યું હતું. એઍફઍસ સ્ટુડન્ટ ઍક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ભારતમાં અભ્યાસ અર્થે આવેલાં ઈટલીનાં ત્રણ વિદ્યાર્થીઓ - આના, અનિતા અને ઍલેકઝોન્ડ્રો મેદાનમાં ગરબા રમવા ઉતર્યા ત્યારે આ વિદેશી વિદ્યાર્થીઓની આસપાસ ખેલૈયાઓની અને વસાહતીઓની ભીડ જામી ગઈ હતી. મેદાનમાં રહ્યા ત્યાં સુધી આ વિદેશી વિદ્યાર્થીઓ લોકોનાં આકર્ષણ અને ફોટોગ્રાફ્સનું કેન્દ્ર બની રહ્યા હતા. આ પ્રસંગે બાળુડાઓને આશીર્વાદ આપવા માટે ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં વડા કૈલાશદીદી, ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઍન્જિનીયર પી વી ભટ્ટ, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાનના આસી. સ્ટેટ પ્રૉજેક્ટ કો-ઓર્ડિનેટર રાજેન્દ્ર પંડ્યા, ગાંધીનગર મહાનગરપાલિકાનાં પૂર્વ મેયર હંસાબેન મોદી, આઈઆઈટીઈના રજિસ્ટ્રાર મધુસૂદન મકવાણા, ઍડવોકેટ અને ઍક્ટિવિસ્ટ અશ્વિન ત્રિવેદી, ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન, એઍફઍસના કેવલ ગજ્જર, પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ઍસોસિએશનના રાકેશ ભટ્ટ, નિલેષ પુજારા અને તેમના સભ્યો તથા સેવાપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવાના આ પ્રયાસમાં માનવસ્મૃતિ શાળા, સરગાસણ, સમર્પણ મૂક-બધિર શાળા, સેક્ટર-૨૮, અંધ શાળા, સેક્ટર-૧૬, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સેક્ટર-૧૩, સ્મૃતિવિકાસ શાળા, પ્રાંતિયા, હેત ફાઉન્ડેશન, સૅક્ટર-૭, સંવેદન, સેક્ટર-૬ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વસતા વિશિષ્ટ વ્યક્તિઓ, તેમના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ‘બાળુડાના ગરબા’ આગામી તા. ૬ ઓક્ટોબર ને ગુરુવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના યજમાનપદે લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૧ ખાતે પુનઃ એકવાર યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે પધારવા સૌ સેવાપ્રેમી, ગરબાપ્રેમી નાગરિકોને આયોજક સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ઍક્ટિવિટી ફિએસ્ટાનો આરંભ



ગાંધીનગર, તા. ૩

સ્કૂલ ઑફ ઍચીવરમાં પ્રતિવર્ષ ઍક્ટિવિટી ફિએસ્ટા કાર્યક્રમ લગભગ બે સપ્તાહ સુધી ઉજવાય છે, જેમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની પ્રવૃત્તિઓમાં કુશળતા મેળવવા પ્રૅક્ટિસ કરે છે. આ વખતે જનરલ અવેરનેસ, ક્લે મોડલિંગ, સેન્ડ પ્લે, ક્રાફ્ટ, ડેકોરેશન, ચિત્રકલા, વિસરાયેલી રમતો, રંગોળી, સાયન્સ એક્સપરીમેન્ટ, રાઈટિંગ સ્કિલ, ઍરોબિક્સ, બેકરી, કૂકીંગ, નોન-ફાયર કૂકીંગ, કેલીગ્રાફી, ટેબલ ડેકોરેશન, બેસ્ટ ફ્રોમ વેસ્ટ, સિંગીંગ વિથ કરાઓકે જેવી અવનવી પ્રવૃત્તિઓમાંથી મનગમતી પ્રવૃત્તિઓ પસંદ કરી વિદ્યાર્થીઓ ફિએસ્ટામાં ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમ ૩ ઑક્ટોબરથી આરંભ્યો છે, જે ૨૦મી સુધી ચાલશે. સોમવારે ઍક્ટિવિટી ફિએસ્ટાનો ઉદ્‌ઘાટન સમારંભ ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતિષભાઈ પટેલના અતિથિપદે યોજવામાં આવ્યો હતો. મશાલ પ્રજ્વલિત કરી તથા વિશિષ્ટ રીતે ઍક્ટિવિટી ફિએસ્ટા ૨૦૧૬ બિગીન્સ ડિસ્પ્લે કરી સતિષભાઈ પટેલે કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો. મૅનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પ્રિન્સિપાલ અશોક વ્યાસે અતિથિને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ધન્યવાદ પ્રગટ કર્યા હતા. આ સુઅવસરે કલેક્ટરે ફિએસ્ટા માટે શુભેચ્છા વ્યક્ત કરી વિદ્યાર્થીઓને મનભર સામેલ થઈ આનંદપૂર્વક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન પલ્લવી મહેતાએ કર્યું હતું.




લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના ઉપક્રમે સૅક્ટર-૬ની સરકારી પ્રાથમિક શાળા અને સરસ્વતી વિદ્યાલય ખાતે સફાઈ તથા સફાઈ અંગે જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબના પ્રમુખ નિમેષ રાવલ, સ્થાનિક નગર સેવક રાકેશ પટેલ, હિરલ જોષી આ ઉપક્રમમાં વિદ્યાર્થીઓની સાથે જોડાયા હતા. વિદ્યાર્થીઓની એક રેલીનું આયોજન પણ જનજાગૃતિ અર્થે આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસથી દેશમાં આરંભાયેલા સ્વચ્છતા અભિયાન અન્વયે ગાંધીનગર શહેરમાં નહેરુ યુવા કેન્દ્ર અને સાથી સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા અંગેના એક કાર્યક્રમનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં હૅપ્પી યુથ ક્લબ અને જી ઈ ક્લબના યુવાનો પણ જોડાયા હતા. નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથારના નેતૃત્વમાં સમીર રામી, અશ્વિન ત્રિવેદી, અજય ઉપાધ્યાય, કેતન પટેલ, હરકિશન વાઘેલા, દિલીપ પ્રજાપતિ, વિજયસિંહ માજીરાણા, બિપીન રાવલ, કશ્યપ નિમાવત અને જી ઈ ક્લબના યુવાનોએ આ પ્રસંગે સફાઈ, ગાંધીજીની તસવીરને પુષ્પ અર્પણ તથા સ્વચ્છતા અંગેના શપથ જેવા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

## ડાયરેક્ટ ❤ સે

દુઆ માંગી થી આશિયાને કી
ચલ પડી આંધિયા ઝમાને કી
મેરે ગમ કો કોઈ સમજ ના પાયા
ક્યુંકિ મેરી આદત થી મુસ્કુરાને કી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
એમ એસ ધોની
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એમ એસ ધોની
૧૨.૧૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (હિન્દી)
૫.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
એમ એસ ધોની
૧૦.૦૦, ૧.૩૦, ૫.૦૦, ૮.૩૦

# રૂપાલની પલ્લી બાબતે કલેક્ટરે માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૩

જિલ્લા કલેક્ટર સતીશ પટેલે શનિવારે રૂપાલ ગામની આંગણવાડીની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમજ નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે રૂપાલ ગામમાં આવેલા સુપ્રસિદ્ધ વરદાયીની માતાજીના મંદિરની મુલાકાત લઈ માતાજીના દર્શન કર્યા હતા. ગાંધીનગર તાલુકાના સરઢવ ગામ ખાતે લોક સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ સવારના યોજાયો હતો. આ કાર્યક્રમની પુર્ણાહુતિ બાદ કલેક્ટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈએ રૂપાલ ગામના વરદાયીનિ માતાજીના મંદિરે ગયા હતા. નવરાત્રિના પ્રથમ દિવસે વરદાયીનિ માતાના દર્શન કર્યો હતા. વરદાયનિ માતાજીના જીર્ણોદ્ધાર કામની વિગતો મેળવી હતી. તેની સાથે નવરાત્રિ દરમ્યાન ભરાનાર પલ્લીના મેળાની તૈયારીઓ અને સુચારૂ આયોજનની વિસ્તૃત માહિતી મેળવી હતી. ત્યારબાદ આંગણવાડીમાં આવતા નાના નાના ભુલકાઓ સાથે તેમની કાલી ભાષામાં વાત કરીને તેમને મળતી સુવિધાઓ, નાસ્તાઓની જાણકારી તેમની પાસેથી જ મેળવી હતી.

# ખૂબ ઊંચે સ્થાને હોવું જોઈએ...મનોબળથી ખૂબ ધનવાન હોવું જોઈએ



**આત્મનાદ**
પુલક ત્રિવેદી


જી હા. બિલકુલ સાચું છે, મજબૂત મનોબળથી જ જીવન ભર્યું-ભર્યું બને છે. દૃઢ મનોબળથી જ માનવી માલામાલ હોય છે. આજે મનોબળની મજબૂતાઈને બે પ્રસંગથી જોડવી છે. એક પૌરાણિક સમયની ઐતિહાસિક વાત અને બીજી વર્તમાનની વાત. જ્ઞાન અને મનોબળના સમન્વયની જોરદાર ઐતિહાસિક વાત સમ્રાટ જનકના મહેલના કાંગરેથી આવે છે અને બીજી વાત ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરના સીમાડાને લાંઘીને આવે છે.

પહેલા વાત ભારતવર્ષની. અષ્ટાવક્ર. આ નામ સાંભળતાની સાથે જ જ્ઞાન અને મનોબળનો અદભૂત સમન્વય માનસપટ ઉપર છવાઈ જાય. આમ પણ અષ્ટાવક્રજી માટે બે જ વાત દુનિયા સુપેરે સમજે છે, જાણે છે અને માને છે. એક અષ્ટાવક્ર-ગીતા અને બીજી રાજા જનકના મહેલમાં યોજાયેલી જ્ઞાની-મહાજ્ઞાની પંડિતોની વિશાળ શાસ્ત્રાર્થ સભામાં અષ્ટાવક્રજીની અદભૂત ‘એન્ટ્રી’. સમ્રાટ જનક દ્વારા મહેલમાં શાસ્ત્રાર્થ સભા યોજી જીવનના સત્ય શોધવા માટે ‘ચર્ચા’ યોજવાનુ આયોજન વિચારવામાં આવ્યું. આ માટે આખા દેશના જ્ઞાની-મહાજ્ઞાની પંડિતોની નિમંત્રણ આપવામાં આવ્યું. વિજેતા પંડિતને સોના-ચાંદી, માલ-મિલકતનો પુરસ્કાર આપવાનું સમ્રાટે જાહેર કર્યું હતું.

વિદ્વાનો તો શાસ્ત્ર અને ધર્મના આધારે જીવનના સત્ય શોધવા સંદર્ભે વાદ-વિવાદમાં લાગી ગયા. આ સભામાં અષ્ટાવક્રના પિતા કહોડ ઋષિ પણ હતા. દિવસ દરમિયાન તેમણે ઘણા વિદ્વાન પંડિતોને ચર્ચામાં મહાત કર્યા પરંતુ વંદિન નામના એક પંડિત સાથે શાસ્ત્રાર્થની ચર્ચા કરતા કરતા છેક સાંજ પડી ગઈ. એમનો વિવાદ એકદમ ચરમસીમાએ હતો અને નિર્ણાયક ઘડી આવી પહોંચી હતી. અને કહોડ ઋષિ હારવાની અણી ઉપર હતા. પિતાની આ સ્થિતિ જોઈ અષ્ટાવક્ર સમ્રાટના મહેલના એ ખંડમાં પહોંચી ગયા જ્યાં આ ચર્ચા ચાલતી હતી. આઠ અંગોથી વાંકા-ચૂંકા અને કઢંગી ચાલે ચાલતા ૧૨ વર્ષના અષ્ટાવક્રને જોઈને સભામાં હાજર સૌ પંડિતો અને જ્ઞાનીઓ હસવા લાગ્યા. પંડિતોની સામે અષ્ટાવક્ર પણ ખડખડાટ હસવા લાગ્યા. અષ્ટાવક્રને હસતો જોઈને સમ્રાટે કહ્યું ‘આ લોકોનું હસવું હું સમજી શકું છું, પણ બેટા, તું કેમ હસે છે ?’

અષ્ટાવક્રએ કહ્યું કે ‘સત્યનો નિર્ણય કરવા સભામાં ચર્ચા કરતા જ્ઞાનીઓ સમજીને હું અહીં આવ્યો હતો. પણ અહીં તો શરીરની ચામડી જોવાવાળા ચમારોની સભા છે. મંદિરનો ગુંબજ કદાચ વાંકો હોઈ શકે પણ આકાશ તો વાંકુ ન હોય ને ! મારું શરીર વાંકું છે પણ હું તો નથી ને ! શરીરને જ જે ઓળખે છે એ ઓળખમાં તાકાત ક્યાં હોય ?’

સમ્રાટ જનકે ૧૨ વર્ષના બાળક અષ્ટાવક્રને કહ્યું ‘મારી આંખો ખોલનાર અષ્ટાવક્ર છે.’ તેમને સિંહાસન ઉપર બેસાડી સભા માટે જનક રાજાએ પ્રશ્નાવલી આરંભી અને અષ્ટાવક્રએ જનક રાજાના તમામ સંશયનું સમાધાન કર્યું.






બીજી ઓસ્ટ્રેલિયાના મેલબોર્નની, આજના જમાનાની વાત. બોરીસ અને દુષ્કાને ત્યાં ડિસેમ્બર ૧૯૮૨માં એક બાળક અવતર્યો. પણ માત્ર ધડ અને માથા સાથે. હાથ-પગ નહીં. જી હા. હાથ-પગ વગર. અન્ય તમામ દ્રષ્ટિકોણથી આ બાળક તંદુરસ્ત. માથું, ધડ અને માત્ર બે અંગુઠા ધરાવતા બાળકનું નામ માતા-પિતાએ પાડ્યું નિકોલસ. હાથ-પગ ન હોવાના કારણે નિકોલસ અને તેના પરિવારને શરૂઆતમાં ખૂબ તકલીફોનો સામનો કરવો પડ્યો. એને ભણવા માટે સામાન્ય બાળકો ભણે એ શાળામાં લેવાની પણ ના પાડવામાં આવી. ધીમે ધીમે નિકે માત્ર બે અંગુઠાના સહારે લખવાનું, ટાઈપ કરવાનું, રમવાનું, દાઢી કરવાનું વગેરે જીવન જરૂરી કામ શીખી લીધાં. વાણિજ્ય સ્નાતક બની નિક ચર્ચમાં ‘મોટિવેશનલ સ્પીચ’ આપવા લાગ્યો. ધીમે ધીમે નિકના વિચારો અને વાત દેશ-વિદેશમાં પણ લોકોને ગમવા લાગી અને એની ડિમાન્ડ થવા લાગી. નિક આજ સુધી ૬૦ જેટલા દેશોમાં ‘મોટીવેશનલ સ્પીચ’ આપવા ગયો છે.

નિકે ૨૦૦૫માં અગોરા હિલ્સ, કેલિફોર્નિયામાં ‘લાઈફ વિધાઉટ લીંબ્સ’ નામની સેવા સંસ્થા સ્થાપી લાખો લોકોના હૃદય સુધી પહોંચવાનું અદભૂત કામ કર્યુ છે. આ જ વર્ષે ૨૦૦૫માં નિકે ‘લાઈફ્સ ગ્રેટર પરપઝ’ નામની એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવી રીલીઝ કરી. ફિલ્મને પણ જબ્બર પ્રતિસાદ મળ્યો. એના પીસીઝ ‘યુ-ટ્યુબ’ અને ‘વોટ્સએપ’ પર વાયરલ થઈ ગયા. માર્ચ ૨૦૦૮માં અમેરિકાની ‘૨૦/૨૦’ ટીવી સીરીઝમાં નિકનો ઈન્ટરવ્યૂ આવ્યો એ પછી જોશુઆ વેઈગેલ દિગ્દર્શીત ‘ધી બટરફ્લાય સર્કસ’ શોર્ટ ફિચર ફિલ્મમાં કામ કર્યું.

બે હાથ અને બે પગ ન હોવા છતાં પણ દુનિયાભરમાં કાઠું કાઢી ૫,૦૦,૦૦૦ ડોલર ઉપરાંતની રકમ રળનાર નિકોલસ યુજીસિકનું દૃઢ મનોબળ અને જ્ઞાનનું સમાયોજન અદભુત છે.

અષ્ટાવક્રજી અને નિકોલસના આ બે પ્રસંગો ઉપરથી મનોબળની મજબૂતાઈથી રચાતી મહોલાત સુપેરે સ્પષ્ટ કરે છે. મોં વકાસીને પરિસ્થિતિના ગુલામ બનવામાં કોઈ સાર નથી. હિંમત અને તાકાતથી પરિસ્થિતિનો મુકાબલો કરવાની મઝા છે. પલાયનવાદ એ નિરાશાવાદનો સગો ભાઈ છે. જ્યારે હિંમત અને તાકાત મજબૂત મનોબળના સગા ભાઈઓ છે.

**-: ધબકાર :-**

જ્યારે મનમાં થાય હું બધું જાણું છું પણ અંદરથી પીડા થાય કે, હું તો કાંઈ જાણતો નથી તો આ પીડાનુ કારણ જીવનમા કશો બદલાવ નથી. જો તમારું જીવન કોઈ ‘સત્ય’થી બદલાય તો જ ‘સત્ય’ તમારી પાસે છે અને જો જીવન ન બદલાય તો તમારી પાસે ‘સત્ય’ નથી માત્ર ‘આભાસ’ છે.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિધાનસભા સંકુલની મુલાકાત



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ગુજરાત નાં પનોતા પુત્ર તેમજ ભારત નાં જાણીતા ધારાશાસ્ત્રી તેમજ રાજકીય આગેવાન વિઠ્ઠલભાઈ પટેલ નાં જન્મદિવસ ની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓની વિધાનસભા સંકુલ ની મુલાકાત કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓ એ આ પ્રસંગે વિઠ્ઠલભાઈ બાબતે અનેક જાણકારી મેળવી હતી. અભ્યાસક્રમની સાથે સાથે આપણા રાષ્ટ્રીય આગેવાનોને વિદ્યાર્થીઓ ઓળખે તેમજ તેમના માંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુ થી સંસ્થા આવારનવાર આવા કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે. તેમજ ભારત નાં વિવિધ આગેવાનો બાબતે વિદ્યાર્થીઓ ને માર્ગદર્શિત કરે છે. જેથી તેઓને રાષ્ટ્ર માટે બલિદાન આપનાર આપણા અગ્રગણ્ય મહાપુરુષો ની માહિતી મળી રહે. સમગ્ર કાર્યક્રમમાં બી.બી.એ. કોલેજ નાં કુલ ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તમામ વિદ્યાર્થીઓ ને વિધાનસભા હોલ ખાતે એકત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં વિધાનસભા નાં ઉપસચિવ શ્રી પ્રદીપભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીઓ ને વૈધાનિક બાબતો તેમજ વિધાનસભા ની કાર્યવાહી બાબતે ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. જે તેઓ ને ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય શ્રી ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ શ્રી ડો.જયેશ તન્ના તેમજ પ્રો.શીતલ પટેલ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવા આવ્યું હતું.